SCST cell

અનામત નીતિ અંગે યુ.જી.સી.ની
ગાઇડલાઇન બાબતે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ ઉગચ/૧૨૦૯/૩૪૯૬/પાર્ટ-૧/ખ-૨
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૨૪.૧૦.૨૦૧૬

**વંચાણે લીધા-**

૧. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન ન્યુ દિલ્હીના પતર ક્રમાંકઃ એફ.૧-૫/૨૦૦૬ (એસ.ટી.સી) તા.૨૫.૦૮.૨૦૦૬ થી બહાર પાડેલ અનામત નીતિ પરત્વેની ગાઇડલાઇન

**પરિપત્રઃ-**

આથી આ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ તથા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા યુનિવર્સિટી દ્વારા ચાલતાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને જણાવવામાં આવે છે કે, જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાના સરકારશ્રી તથા વિવિધ વૈધાનિક સંસ્થાઓ દ્વારા જે આદેશો આપવામાં આવેલ છે, તે મુજબ સંસ્થામાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવામાં આવે તે અપેક્ષિત છે. વધુમાં કેન્દ્ર/રાજ્ય સરકારશ્રી દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ સરકારી/અર્ધસરકારી/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં વિદ્યાર્થી પ્રવેશ તથા સ્ટાફ ભરતી પ્રક્રિયામાં તેમજ સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/ સંસ્થાઓમાં માત્ર વિદ્યાર્થી પ્રવેશમાં અનામત નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહે છે. જેથી અનામત નીતિ અંગેની પ્રવર્તમાન જોગવાઇઓને ધ્યાને લેતા વહીવટી સરળતા ખાતર તેમજ વહીવટકર્તા/અમલકર્તાઓને યોગ્ય સમજ મળી રહે તે હેતુસર યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોમાં અનામત કેટીગરીમાં પ્રવેશ અંગેની તેમજ સ્ટાફ ભરતી અંગેની નીતિ તમામ સંસ્થાઓમાં એક જ સરખી રહે તે હેતુસર અનામત અંગેની સંક્ષિપ્ત જોગવાઇઓ નીચે મુજબ છે, જેનો ચુસ્તપણે અમલ કરવા આથી સર્વે સંબધકર્તાઓને જણાવવામાં આવે છે.

- **અનામત પ્રમાણઃ-**

| ક્રમ | વિગત | અનામત રાખવાની થતી જગ્યાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અનામત જાતિ (શિડ્યુલ્ડ કાસ્ટસ) | ૦૭% |
| ૨ | અનુસૂચિત જનજાતિ (શેડ્યુલ્ડ ટ્રાઇબ્સ) | ૧૫% |
| ૩ | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (એસ.ઇ.બી.સી) | ૨૭% |

Scanned by CamScanner